ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જિલ્લા પંચાયતની બેઠકોના સીમાંકનનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો

આણંદ જિલ્લા પંચાયતની નવાખલ બેઠક રદ થતાં 'ષડયંત્ર'ના આક્ષેપો

વસ્તીના ધોરણો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનનો દાવો

ચૂંટણી આયોગના પ્રાથમિક આદેશ સામે વાંધા અરજી કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ જિલ્લા પંચાયતની આગામી ચૂંટણી માટે મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી અંગેના પ્રાથમિક આદેશ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક આગેવાનો અને નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલા વાંધા મુજબ, આ નવી રચના વૈધાનિક જોગવાઈઓ અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે શાસક પક્ષને રાજકીય લાભ અપાવવા માટે વસ્તીના નક્કી કરેલા ધોરણોને અવગણીને બેઠકોમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

ચૂંટણી પંચના અભિગમ મુજબ લઘુત્તમ 28,982ની વસ્તી હોવી જરૂરી છે. તેમ છતાં કહાનવાડી જિલ્લા પંચાયત બેઠકમાં વસ્તી 32,091 હોવા છતાં અને બામણગામ બેઠકમાં વસ્તી 31,259 હોવા છતાં, તે બેઠકોના માળખામાં ફેરફાર કરીને ગેરન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત આસોદર બેઠકમાં પણ 32,221ની વસ્તી હોવા છતાં ફેરફારો કરવામાં આવ્યા છે.

આંકલાવ ધારાસભ્ય અમિત ચાવડાએ રજૂ કરાયેલા વાંધા મુજબ, નવાખલ જિલ્લા પંચાયતની બેઠકને રદ કરવા માટે 'સુઆયોજીત પ્લાનિંગ' કરવામાં આવ્યું છે. નવાખલ બેઠકમાં સમાવિષ્ટ આસરમા, કોસીન્દ્રા, નવાખલ, સંખ્યાડ અને ઉમેટા વિસ્તારની કુલ વસ્તી 30,544 થાય છે, જે નિયમ મુજબની લઘુત્તમ વસ્તી કરતા વધુ છે. આ વસ્તી સારણા અને ઉદેલ બેઠકો કરતા પણ વધારે હોવા છતાં, શાસક પક્ષના દબાણ હેઠળ આ બેઠક રદ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે.

આણંદ જિલ્લામાં શહેરીકરણના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ઘટાડો થયો છે. જેની અસર જિલ્લા પંચાયતની બેઠક પર જોવા મળી છે. જોકે, સીમાંકનમાં શહેરીકરણવાળા તાલુકાના બદલે અન્ય તાલુકાની બેઠક કપાતાં આશ્ચર્ય જન્મ્યું છે. આ અંગે રજૂઆતો કરાઇ છે.

વસ્તીના ફેરફારો - રાજકીય દબાણ હોવાની શંકા

આણંદ મહાનગરપાલિકા અને તારાપુર નગરપાલિકાની રચનાને કારણે જે તે વિસ્તારોની વસ્તીમાં ફેરફાર થયા છે, પરંતુ આ ફેરફારોની અસર આંકલાવ તાલુકાની બેઠકો પર થતી નથી. તેમ છતાં, વહીવટી તંત્ર દ્વારા શાસક પક્ષને ફાયદો કરાવવા માટે મુશ્કેલ ગણાતી બેઠકોને દૂર કરવાનું ષડયંત્ર રચાયું હોવાનું જણાય છે. પુનઃ વિચારણાની માંગ આ મામલે સામાજિક કાર્યકરો, નાગરિકો અને રાજકીય આગેવાનોનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી. તેથી, રજૂ કરવામાં આવેલા વાંધા અને સૂચનોને ધ્યાને રાખીને, પ્રાથમિક આદેશ પર પુનઃ વિચારણા કરી નવું જાહેરનામું બહાર પાડવા માટે રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ સ્પષ્ટ માંગણી કરવામાં આવી છે.

આણંદ મનપાએ ટુ-વ્હીલરમાં વિનામૂલ્યે સેફટી ગાર્ડ નાંખ્યા

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા 350થી વધુ વાહનો પર મેટલના સળિયા લગાવાયા

(પ્રતિનિધિ) આણંદ તા.9

કરમસદ-આણંદ મનપા દ્વારા ઉતરાયણના પર્વ દરમિયાન પતંગની ઘાતક દોરીથી ટુ-વ્હીલર ચાલકોને સુરક્ષિત રાખવા માટે એક પ્રશંસનીય અને અનોખી પહેલ કરવામાં આવી છે, મનપા કમિશનરના માર્ગદર્શન હેઠળ, આણંદ જિલ્લામાં લોકોને જાગૃત કરવા અને પતંગની દોરીથી થતા અકસ્માતો રોકવા માટે વાહનચાલકોને વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ લગાવી આપવાનું અભિયાન શરૂ કરાયું છે.

આ અભિયાન અંતર્ગત ગત શુક્રવાર, 9મી જાન્યુઆરી 2026ના રોજ સવારે 11:00 કલાકે મહાનગરપાલિકાની કચેરીની બહારથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોને વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ (મેટલનો સળિયો/વાયર) લગાવી આપવામાં આવ્યાં હતાં. ઉતરાયણ દરમિયાન દોરીના કારણે વાહનચાલકોને થતી જાનહાનિ અને ઈજાઓ અટકાવવા માટે મનપા દ્વારા 350થી વધુ વાહનો પર આ સુરક્ષા કવચ લગાવાયું હતું.

આ કાર્યક્રમ સમયે નાયબ મ્યુનિસિપલ કમિશનર નિલાક્ષ મકવાણા, એસ.કે. ગરવાલ અને સીટી ઈજનેર જીગર પટેલ હાજર રહ્યા હતા,. પાલિકા તંત્ર દ્વારા તમામ નગરજનોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઉતરાયણ દરમિયાન ટુ-વ્હીલર લઈને નીકળે ત્યારે સાવચેત રહે અથવા ફરજિયાતપણે સેફ્ટી ગાર્ડનો ઉપયોગ કરે છે.

ઓવરબ્રિજ પર પણ વાયરની વ્યવસ્થા કરાઈ

કરમસદ - આણંદ મનપા વિસ્તારમાં આવેલા ઓવરબ્રિજ ઉપરથી પસાર થતા લોકોને પણ સુરક્ષિત રાખવા માટે ખાસ વાયર લગાવવામાં આવ્યા છે. આ અગમચેતીના પગલાં પાછળનો મુખ્ય હેતુ પર્વ દરમિયાન કોઈપણ વ્યક્તિ પતંગની દોરીનો શિકાર ન બને તે સુનિશ્ચિત કરવાનો છે.

આણંદ ફૂડ વિભાગે 12 પેઢી પરથી નમૂના લીધા

ચીક્કી અને ગોળમાં ભેળસેળ જણાશે તો 'ફૂડ સેફ્ટી એક્ટ' હેઠળ થશે કડક કાર્યવાહી કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ જિલ્લાના નાગરિકોને મકરસંક્રાંતિના તહેવારને ધ્યાનમાં રાખીને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. આ તપાસ ઝુંબેશ અંતર્ગત જિલ્લાના ઉત્પાદકો, રિટેલર્સ અને વેચાણકર્તાઓ સહિત કુલ ૨૮ જેટલી પેઢીઓ પર આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

આણંદ જિલ્લામાં તહેવારો ટાણે ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ રોકવા માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા ચીક્કી અને ગોળના કુલ ૧૨ જેટલા નમૂનાઓ મેળવીને પૃથ્થકરણ માટે સરકાર માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, લેબોરેટરીમાંથી પૃથ્થકરણ રિપોર્ટ આવ્યા બાદ જો કોઈ નમૂના ફેઈલ જણાશે અથવા તેમાં ભેળસેળ માલૂમ પડશે, તો સંબંધિત પેઢી સામે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬' હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તહેવારની મોસમને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પણ ખાદ્યપદાર્થોના ઉત્પાદન અને વેચાણના સ્થળો પર આ પ્રકારની તપાસની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

ગરીબોને સિવણ તાલીમ આપવાના નામે 'રીયલ એજ્યુકેશન ટ્રસ્ટ'નું મોટું કૌભાંડ

લુણાવાડાના રીયલ એજ્યુકેશન ટ્રસ્ટે 14.58 લાખની છેતરપિંડી આચરી

સરકારે 49.71 લાખ ચૂકવ્યા હોવા છતાં ટ્રસ્ટે સંચાલકને નાણાં ન આપ્યા

માહિતીમાં સત્ય બહાર આવતા લુણાવાડા પોલીસમાં ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

લુણાવાડામાં ગરીબ લોકોને આત્મનિર્ભર બનાવવા માટેની સરકારી સહાયમાં મોટું ગાબડું પાડતી ઘટના સામે આવી છે. રીયલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગરીબ લોકોને એન.યુ.એલ.એમ (NULM) યોજના હેઠળ સિવણ તાલીમ અપાવવાના બહાને એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ, તેની મહેનતના 14,58,773 ચૂકવ્યા વગર છેતરપિંડી આચરવામાં આવી છે. આ મામલે લુણાવાડા પોલીસે ટ્રસ્ટના પ્રમુખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સંતરામપુરના રહેવાસી મનુભાઈ સુફરાભાઈ ખાંટ જેઓ છેલ્લા પાંચ વર્ષથી લુણાવાડામાં ખાનગી સિવણ ક્લાસીસ ચલાવતા હતાં. તેમની મુલાકાતે રીયલ એજ્યુકેશન ટ્રસ્ટના કર્મચારી પ્રતિકભાઈ શ્રીમાળી આવ્યા હતા. તેમણે મનુભાઈને ગરીબ લોકો માટેની સરકારી એનયુએલએમ યોજના વિશે સમજાવી સાથે કામ કરવાની દરખાસ્ત મૂકી હતી. આ બાબતે ટ્રસ્ટના સંચાલક કલ્પનાબેન દિલીપભાઈ ધોત્રે સાથે ટેલિફોનિક વાતચીત બાદ લેખિત કરાર કરવામાં આવ્યો હતો. જેમાં આવકના 40 ટકા મનુભાઈને અને 60 ટકા ટ્રસ્ટને મળવાનું નક્કી થયું હતું.

આ કરાર મુજબ મનુભાઈએ સરકારી સંમતિ મેળવીને લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ અને શહેરા ખાતે કેન્દ્રો શરૂ કર્યા હતા. આ ચારેય સેન્ટરો ચલાવવા માટે મનુભાઈએ પોતાના 11.48 લાખનો ખર્ચ કર્યો હતો. જોકે, તેની સામે રીયલ એજ્યુકેશન ટ્રસ્ટે માત્ર 5.30 લાખ ચૂકવ્યા હતા. બાકીની નીકળતી રકમ માંગતા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળનું બહાનું ધરીને પેમેન્ટ સરકારમાંથી આવ્યા બાદ ચૂકવવાની ખાતરી આપવામાં આવતી હતી.

જોકે, ટ્રસ્ટના વાયદાઓથી શંકા જતાં મનુભાઈએ માહિતી અધિકાર હેઠળ વિગતો માંગી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, સરકારે ટ્રસ્ટને 49,71,934 ના બિલોની ચુકવણી કરી દીધી હતી. જ્યારે કરાર મુજબ મનુભાઈને કુલ 19,88,773 મળવા પાત્ર હતા, જેમાંથી બાકી નીકળતી 14,58,773 ની માતબર રકમ હડપ કરી જઈ ટ્રસ્ટે વિશ્વાસઘાત કર્યો હતો. આખરે મનુભાઈ ખાંટે સુરતના રહેવાસી અને ટ્રસ્ટના પ્રમુખ કલ્પનાબેન ધોત્રે વિરુદ્ધ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ખેડામાં 4 જણે કરોડોની જમીન પર કબજો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

ખેડા તાલુકાના વાસણાભુર્જંગ ગામની સીમમાં આવેલી ખેતીની કિંમતી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી જમીન પચાવી પાડનારા ચાર શખ્સો વિરુદ્ધ ખેડા ટાઉન પોલીસ મથકે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

ખેડા ટાઉન વિસ્તારના માળીવાડના ખાંચામાં રહેતા ભરતભાઈ બચુભાઈ દલવાડીએ ફરિયાદ નોંધાવી છે. વાસણાભુર્જંગ ગામમાં આવેલી સર્વે નંબર 463 પૈકીની જમીન તેમના માતા કમુબેને વર્ષ 2017 અને 2018માં વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી. માતાના અવસાન બાદ આ જમીનમાં ભરતભાઈ સહિત અન્ય વારસદારોના નામ વારસાઈ હકથી દાખલ થયા હતા. આ જમીનની અડીને જ જમીન ધરાવતા અશોક આતાભાઈ પરમાર, ઘનશ્યામ અશોકભાઈ પરમાર, રવિકાંત અશોકભાઈ પરમાર અને રાકેશ અશોકભાઈ પરમારે વર્ષ 2020થી આ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. તેઓ અસલ જમીન માલિકને જમીન પર આવતા અટકાવી ખેતી કરવા દેતા નહોતા અને જો તેઓ જમીન પર જાય તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હતા.

આ મામલે કલેક્ટર કચેરીમાં કરવામાં આવેલી અરજી બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ શખ્સોએ બિનઅધિકૃત રીતે જમીન પચાવી પાડી હોવાનું જણાતા કલેક્ટરે ફરિયાદ નોંધવાનો આદેશ કર્યો હતો. આ હુકમના આધારે ખેડા ટાઉન પોલીસે ચારેય સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ નાયબ પોલીસ અધીક્ષકને સોંપી છે.

બોરસદના યુવકે ₹8 લાખ લેવા જતાં 61 હજાર ગુમાવ્યાં

ગઠિયાએ રૂ. 2ના સિક્કાના બદલે રૂ. 8 લાખ આપવાની લાલચ આપી નાણાં ખંખેર્યાં

(પ્રતિનિધિ) બોરસદ તા.9

બોરસદમાં રહેતા એક વ્યક્તિને સોશિયલ મીડિયા પર મોબાઈલ રીલ્સ જોવી ભારે પડી છે. આર્મીની વર્ધી પહેરીને લોકોનો વિશ્વાસ જીતતા એક ગઠિયાએ જુના સિક્કાના બદલામાં લાખો રૂપિયા આપવાની લાલચ આપીને હરિરામ પ્રજાપતિ નામના શખસ પાસેથી કુલ રૂ. 61,548 પડાવી લીધા હતા. આ મામલે છેતરપિંડીનો અહેસાસ થતા ભોગ બનનારે બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બોરસદમાં રહેતા હરિરામ ગંગારામ પ્રજાપતિ ગત તા. 23-10-2025 ના રોજ પોતાના ઘરે મોબાઈલમાં રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન તેમણે આર્મીની વેશભૂષામાં સજ્જ એક હિન્દી ભાષી શખસનો વિડીયો જોયો, જે જુના સિક્કા અને નોટોના બદલે મસમોટી રકમ આપવાની ખાતરી આપતો હતો. વિડીયોમાં કોઈ ફ્રોડ ન હોવાનો દાવો કરીને ઠગે પોતાનો મોબાઈલ નંબર પણ જાહેર કર્યો હતો. હરિરામભાઈ પાસે વર્ષ 1993નો બે રૂપિયાનો એક સિક્કો હોવાથી તેમણે ઉત્સુકતાવશ આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. સામે પક્ષે ગઠિયાએ આ સિક્કાના બદલામાં આઠ લાખ રૂપિયા આપવાની લાલચ આપી હતી. ત્યારબાદ ઠગે અલગ-અલગ તબક્કે ઓનલાઈન ફોર્મ ભરવાના રૂ. 1550 અને અન્ય કાગળો કરવાની પ્રક્રિયાના બહાને કુલ રૂ. 53,548 પડાવી લીધા હતા.

જ્યારે હરિરામભાઈને પોતે છેતરાઈ રહ્યા હોવાનો અંદાજ આવ્યો, ત્યારે તેમણે 1930 પર સાયબર હેલ્પલાઈન દ્વારા ફરિયાદ કરી હતી અને પોતાના નાણાં પાછા માંગ્યા હતા. ગઠિયાએ વિશ્વાસ કેળવવા રૂ. 7,150 ઓનલાઈન પરત જમા કરાવ્યા હતા, પરંતુ ત્યારબાદ બાકીની રકમ કે વચન મુજબના આઠ લાખ આપ્યા નહોતા. અંતે, કુલ રૂ. 61,548 ગુમાવનાર હરિરામભાઈએ બોરસદ સીટી પોલીસમાં મોબાઈલ નંબરના આધારે ઠગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ચલાલી : યુવકની છાતીમાં ચપ્પુ હુલાવતા ગંભીર

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

નડિયાદ તાલુકાના ચલાલી ગામમાં રસ્તામાં ગાડી પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે પાડોશીઓ વચ્ચે ઉગ્ર વિવાદ થતા પથ્થરમારો અને ચપ્પા વડે હુમલાની ઘટના બની છે.

ચલાલી ગામમાં રહેતા અને ખેતીકામ કરતા મુકેશભાઈ હીરાભાઈના કાકાના દીકરા નીલેશભાઈએ 25મી નવેમ્બર,2025ના રોજ પંચાયતની ખુલ્લી જગ્યામાં પોતાની કાર પાર્ક કરી હતી. આ સમયે પાડોશમાં રહેતા કલ્પેશ ભવાનભાઈ મકવાણાએ ત્યાં આવીને ઝઘડો કર્યો હતો. જ્યારે પરિવારે સમજાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે મામલો વધુ બિચક્યો હતો. આ ઝઘડો વધતા કલ્પેશની મદદે ભાવેશ મકવાણા, શૈલેષ મકવાણા અને અરવિંદ ઉર્ફે ચતુર મકવાણા પણ લાકડાના ડંડા લઈને દોડી આવ્યા હતા. આ દરમિયાન કલ્પેશે ચપ્પાનો ઘા મુકેશની છાતીના ભાગે મારી દીધો હતો. બાદમાં લાકડાના ડંડા વડે મુકેશ અને નીલેશને બરડાના ભાગે મારમાર્યો હતો. જોકે, ફળિયાના લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો ધમકી આપીને ફરાર થઈ ગયા હતા.

આ હુમલામાં ઘવાયેલાને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. શરૂઆતમાં લગ્ન પ્રસંગ હોવાથી અંદરોઅંદર સમાધાનના પ્રયાસો થયા હતા અને સામા પક્ષે પણ અરજી આપી હતી. જોકે, સમાધાનના પ્રયાસો બાદ પણ આરોપીઓ અવારનવાર બોલાચાલી કરી હેરાન કરતા હોવાથી અંતે મુકેશભાઈએ આ અંગે કલ્પેશ, ભાવેશ, શૈલેષ અને અરવિંદ સામે ચકલાસી પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

નડિયાદના મોકમપુરામાં પુત્રની હત્યા કરનારા પિતાની ધરપકડ

જમીન અને પારિવારિક વિખવાદમાં પુત્રની કરપીણ હત્યા કરી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

નડિયાદના મોકમપુરા ગામે પિતાએ જ પોતાના પુત્રની હત્યા કરી હોવાની ચકચારી ઘટનામાં પોલીસે પિતા પ્રતાપસિંહ ચંદુભાઈ ચૌહાણને ઝડપી પાડ્યો છે. પારિવારિક અદાવત અને જમીનના વિખવાદમાં પિતાએ પોતાના પુત્ર કમલેશના માથાના ભાગે હથિયારના 3 થી 4 ગંભીર ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.

મોકમપુરામાં રહેતો કમલેશભાઈ ચૌહાણ ગત 6ઠ્ઠીના રોજ સાંજે જ્યારે શેઢી નદી કિનારે ગયો હતો, ત્યારે તેના પિતા પ્રતાપસિંહે તેના પર હુમલો કર્યો હતો. આ હત્યા બાદ પિતાએ પુત્રને ચક્કર આવ્યા હોવાનું ખોટું બહાનું બતાવી ગુનો છુપાવવા અને પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજાઓથી મોત થયું હોવાનું બહાર આવતા મામલો પ્રકાશમાં આવ્યો હતો.

મૃતકની પત્ની તારાબેન ચૌહાણની ફરિયાદ મુજબ, પરિવારમાં લાંબા સમયથી કંકાસ ચાલતો હતો. અગાઉ પિતાના ત્રાસને કારણે કમલેશના ભાઈના પણ છૂટાછેડા થયા હતા અને તેઓ કમલેશ અને તારાબેનના પણ છૂટાછેડા કરાવવા દબાણ કરી રહ્યા હતા. કમલેશે આ બાબતે ઈનકાર કર્યો હતો અને કાકા સસરા સાથે સારા સંબંધો રાખ્યા હતા, જેનો રોષ રાખી પિતાએ આ પગલું ભર્યાનું જણાવ્યું હતું.

સસરાની શંકાસ્પદ હિલચાલથી પુત્રવધુને શંકા ગઇ

આ ઘટના સમયે નદી કિનારે કમલેશની ચીસ સાંભળી દોડી આવેલી પત્ની અને દેરાણીને પ્રતાપસિંહે પોતે તપાસ કરવાનું કહી રોકી દીધા હતા અને તેમની પાસેથી બેટરી તથા લાકડી પડાવી લઈને આગળ વધતા અટકાવ્યા હતા. પરંતુ મૃતકના પત્ની તારાબેનની સતર્કતા અને સસરાની શંકાસ્પદ હિલચાલને કારણે પોલીસ ફરિયાદ નોંધાતા આ ચકચારી હત્યાકાંડનો પર્દાફાશ થયો છે. આશ્ચર્યની વાત એ છે કે, પિતાએ થોડા દિવસો પહેલા જ પુત્રને અલગ ઘર અને રેશનકાર્ડ કરવામાં મદદ કરી હતી, છતાં હત્યાનું કારણ હજુ રહસ્યમય છે.

ચારૂસેટમાં 15મો પદવીદાન સમારંભ 13મીએ યોજાશે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં પદવી અને ગોલ્ડ મેડલ અપાશે

(પ્રતિનિધિ) આણંદ તા.9

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ), ચાંગાનો 15મો પદવીદાન સમારંભ 13મી જાન્યુઆરી, 2026ના રોજ મંગળવારે સાંજે 4.30 કલાકે યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહી દિક્ષાંત પ્રવચન આપશે. આ કાર્યક્રમની અધ્યક્ષતા ચારૂસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ કરશે.

ચારૂસેટના પદવીદાન સમારંભમાં વિવિધ વિદ્યાશાખાઓના કુલ 2794 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે, જેમાં 1076 વિદ્યાર્થિનીઓ અને 1718 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ પદવીધારકોમાં 2018 અંડર ગ્રેજ્યુએટ, 713 પોસ્ટ ગ્રેજ્યુએટ, 25 પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા

અને 38 પીએચડીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ફેકલ્ટી વાઈઝ જોઈએ તો ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગના સૌથી વધુ 1120 અને કોમ્પ્યુટર સાયન્સના 692 વિદ્યાર્થીઓને પદવી મળશે.

ચારૂસેટ યુનિવર્સિટી તેની સ્થાપનાકાળથી જ તેજસ્વી વિદ્યાર્થીઓને 14 કેરેટના 15 ગ્રામ વજનના શુદ્ધ સુવર્ણ ચંદ્રક આપવાની વિશિષ્ટ પરંપરા ધરાવે છે. રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 439 ગોલ્ડ મેડલ એનાયત થયા છે અને આ વર્ષે વધુ 45 ગોલ્ડ મેડલ શુદ્ધ સોનામાંથી બનાવીને એનાયત કરવામાં આવશે, જેમાં 28 વિદ્યાર્થિનીઓ અને 14 વિદ્યાર્થીઓ વિજેતા બન્યા છે. આ પ્રસંગે માતૃસંસ્થાના મંત્રી ડો. એમ. સી. પટેલ, પ્રમુખ કિરણભાઈ પટેલ અને ધારાસભ્ય વિપુલભાઈ પટેલ સહિતના મહાનુભાવો પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

આ અંગે પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે જણાવ્યું હતું કે ચારૂસેટમાં અગાઉ પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ, વૈજ્ઞાનિક ડો. આર. એ. મશેલકર, ઉદ્યોગપતિ પંકજ પટેલ અને ઈસરોના પૂર્વ ચેરમેન એ. એસ. કિરણકુમાર જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હસ્તીઓ મુખ્ય અતિથિ તરીકે સેવા આપી ચુકી છે. આ વર્ષે મુખ્ય અતિથિ તરીકે પધારી રહેલા શ્રી અમિતભાઈ શાહ ભારતીય ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ગૃહમંત્રી છે.

કોઠંબામાં રસોડામાંથી ફિરકીઓ મળી આવી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

મહિસાગરની કોઠંબા પોલીસે બાતમીના આધારે ચારણગામ (સાલાવાડા) ખાતે રહેતા સઈદ રસુલ શેખના મકાનમાં છાપો માર્યો હતો. પોલીસની તપાસ દરમિયાન આ શખ્સ પોતાના ઘરના રસોડાના ભાગે ચાઈનીઝ દોરી છુપાવીને વેચાણ કરતો રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે તેના ઘરેથી 9 ચાઈનીઝ ફિરકીઓ જપ્ત કરી હતી, જેની કિંમત રૂ. 7650 આંકવામાં આવી છે. આ મામલે પોલીસે ગુનાખોર વિરુદ્ધ કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225